ગુજરાત સમાચાર, ગાંધીનગર આવૃત્તિ પાના નં-૦૨.
તારીખ :- ૨૫/૦૨/૨૦૨૬.

### કેન્દ્રીય કેબિનેટ દ્વારા મેટ્રો રેલના વિસ્તરણને મંજૂરી

# ગિફ્ટસિટીના ૩.૩૩ કિ.મી. મેટ્રોરૂટનું રૂા.૧,૦૬૭ કરોડના ખર્ચે વિસ્તરણ

ગાંધીનગર, મંગળવાર

ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના મેટ્રો રેલ નોર્થ-સાઉથ કોરીડોરના વિસ્તરણને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયને પગલે અમદાવાદ અને ગિફ્ટ સિટી વચ્ચેનું પરિવહન વધુ ઝડપી, સરળ અને આધુનિક બનશે. જોકે ગિફ્ટ સિટી થી શાહપુર સુધીના ૩.૩૩ કિલોમીટર નું વિસ્તરણ કરવા પાછળ કુલ ૧,૦૬૭ કરોડ રૂપિયા ખર્ચાશે.

## શાહપુર સુધીનો એલિવેટેડ રૂટ ચાર વર્ષમાં પૂર્ણ કરવાનો પ્રોજેક્ટ : રોજના ૧.૬૦ લાખ મુસાફરોની મેટ્રો સફર

આ નવા પ્રોજેક્ટ હેઠળ ગુજરાત મેટ્રો રેલ કોપીરેશન લિમિટેડ દ્વારા ગિફ્ટસિટીથી શાહપુર સુધીના ૩.૩૩ કિલોમીટર લાંબા રૂટનું નિર્માણ કરવામાં આવશે. આ સમગ્ર રૂટ 'એલિવેટેડ' હશે, જેમાં ત્રણ નવા અત્યાધુનિક સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા આ વિસ્તરણ માટે અંદાજે રૂપિયા ૧૦૬૭.૩૫ કરોડના ખર્ચને મંજૂરી અપાઈ છે. આયોજન મુજબ, આ પ્રોજેક્ટ આગામી ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેનાથી ઉત્તર-દક્ષિણ કોરિડોરની ક્ષમતામાં મોટો વધારો થશે.

ગિફ્ટ સિટી આજે વિશ્વભરમાં ફિનટેક હબ તરીકે ઉભરી રહ્યું છે. આ મેટ્રો વિસ્તરણથી ત્યાં કાર્યરત મલ્ટી નેશનલ કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાપારી કેન્દ્રોને સીધો ફાયદો થશે. ખાસ કરીને અમદાવાદ અને ગિફ્ટ સિટી વચ્ચે રોજબરોજ મુસાફરી કરતા સેંકડો નાગરિકો માટે આ કનેક્ટિવિટી આશીર્વાદરૂપ સાબિત થશે. ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર-૨૦૨૨માં ફેઝ-૧ અને જાન્યુઆરી-૨૦૨૬માં ફેઝ-૨ના સફળ પ્રારંભ બાદ હાલમાં મેટ્રોનો લાભ દરરોજ અંદાજે ૧.૬૦ લાખ મુસાફરો લઈ રહ્યા છે. હવે શાહપુર સુધીના આ નવા જોડાણથી મેટ્રો નેટવર્ક વધુ મજબૂત બનશે.